# રિટ (WRIT)

**બંદી પ્રત્યક્ષીકરણ**
(Habeas Corpus)

**પરમાદેશ**
(Mandamus)

**પ્રતિષેધ**
(Prohibition)

**ઉત્પ્રેક્ષણ**
(Certiorari)

**અધિકાર પૃચ્છા**
(Quo-Warranto)

- રિટ એક **કાનુની હુકમ** છે. જે ન્યાયાલય દ્વારા પોતાની રીતે અથવા નાગરિકોની અરજી પર બહાર પાડવામાં આવે છે.
- બંધારણના ભાગ–3માં આપેલા નાગરિકના મૂળભૂત અધિકારો પૈકી કોઈ અધિકારની અવમાનના થાય ત્યારે માનનીય **સર્વોચ્ચ ન્યાયાલય** પાંચ પ્રકારની રિટમાંથી તે બાબતને અનુરૂપ રિટ જાહેર કરવાની સત્તા ધરાવે છે.

## 1. બંદી પ્રત્યક્ષીકરણ (Habeas Corpus)

- **'હેબિયસ કોર્પસ'** એ એક લેટિન શબ્દ છે.
- 'Habeas'- To have 'Corpus'- Body of જેનો અર્થ થાય છે. **"શરીર સાથે હાજર કરો."**
- જો કોઈ વ્યક્તિને અન્ય વ્યક્તિએ/ખાનગી સંસ્થા/સરકારી વ્યક્તિ/સરકારી સંસ્થાએ ગેરકાયદેસર રીતે કેદ (બંદી) કરીને રાખ્યો હોય ત્યારે ન્યાયાલય આ રિટ (Writ) ના માધ્યમથી આદેશ આપે છે કે બંદી બનાવેલ વ્યક્તિને ન્યાયાલય સમક્ષ હાજર કરવામાં આવે જેથી ન્યાયાલય નક્કી કરી શકે કે તે વ્યક્તિને બંદી બનાવવાના પૂરતા કારણો છે કે નહીં અને જો પુરતા કારણો ન હોય તો તેને મુક્ત કરવામાં આવે.

## 2. પરમાદેશ (Mandamus)

- પરમાદેશ અથવા 'Mandamus'નો અર્થ થાય છે. **"અમે આદેશ આપીએ છીએ."**
- જ્યારે કોઈ સતાધિકારી પોતાની ફરજમાં આવતા કાર્ય કરવાની મનાઈ ફરમાવે ત્યારે ન્યાયાલય **પરમાદેશ રિટ** દ્વારા આદેશ આપી શકે છે.
- આ રિટ માત્ર સરકારી અધિકારી કે સરકારી સંસ્થાની જ વિરુધ્ધમાં જાહેર કરી શકાય છે.

## 3. પ્રતિષેધ (Prohibition)

- **'પ્રતિષેધ'** નો અર્થ થાય છે **'અટકાવવું.'**
- આ રિટ સર્વોચ્ચ ન્યાયાલય અથવા ઉચ્ચ ન્યાયાલય દ્વારા જ જાહેર કરવામાં આવે છે. અને આ ફક્ત ન્યાયિક કે અર્ધન્યાયિક સંસ્થાઓ વિરુધ્ધ જ જાહેર કરી શકાય.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ જ્યારે કોઈ તાબાની અદાલત અથવા ન્યાયિક સંસ્થા/અર્ધ ન્યાયયિક સંસ્થા પોતાના કાર્ય ક્ષેત્રની બહાર જઈને કેસ ચલાવે તો તે કેસને અટકાવવા માટે તેના વિરુધ્ધ પ્રતિષેધની રિટ જાહેર કરવામાં આવે છે.

## 4. ઉત્પ્રેક્ષણ (Certiorari)

➤ જ્યારે કોઈ તાબાની અદાલત/ન્યાયિક સંસ્થા/અર્ધ ન્યાયિક સંસ્થા પોતાના કાર્યક્ષેત્રની બહાર જઈ કોઈ કેસનો ચુકાદો આપે ત્યારે સર્વોચ્ચ ન્યાયાલય કે ઉચ્ચ ન્યાયાલય તે કેસના ચુકાદોને રદ કરવા આ રિટ જાહેર કરે છે.

➤ પ્રતિષેધ (Prohibition) અને ઉત્પ્રેક્ષણ (Certiorari) વચ્ચે તફાવત માત્ર એટલો જ છે કે પ્રતિષેધ રિટ પરિણામ (ચુકાદા) પહેલા જાહેર થાય છે. અર્થાત જ્યારે કોઈ તાબાની અદાલત પોતાના કાર્યક્ષેત્રથી બહાર કામ કરવા જઈ રહી હોય અને અંતિમ ચુકાદો આપ્યો ન હોય ત્યારે જ જાહેર થાય છે. જ્યારે ઉત્પ્રેક્ષણ રિટ એ પરિણામ (ચુકાદાને રદ કરવા) બાદ જાહેર થાય છે.

➤ જ્યારે તાબાની અદાલત/ન્યાયિક સંસ્થા/અર્ધ ન્યાયિક સંસ્થા કોઈ કાયદાકીય ભૂલ કરે ત્યારે પણ તેની વિરુધ્ધમાં આ રિટ જાહેર કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 5. અધિકાર પૃચ્છા (Quo-Warranto)

➤ **Quo-Warranto** નો અર્થ થાય છે. "કઈ લાયકાતથી હોદ્દા પર છો ?"

➤ આ રિટ એવા વ્યકિત વિરુધ્ધ જાહેર કરવામાં આવે છે. જે વ્યકિત પર એવો આરોપ હોય કે તેણે ગેરકાયદેસર રીતે કોઈ સાર્વજનિક પદ ધારણ કર્યું હોય.

➤ આ રિટ દ્વારા ન્યાયાલય આવા વ્યકિતને પૂછી શકે છે કે કઈ લાયકાતથી તેણે આ પદ ધારણ કર્યું જો તે વ્યકિત આ પ્રશ્નનો જવાબ ન આપી શકે તો તેને આ પદથી દૂર કરવામાં આવે છે.